# Government Arts College, Kaparada

# સરકારી વિનયન કોલેજ, કપરાડા

મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડ પિનકોડ નં. ૩૯૬ ૦૬૭,
સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com, web address :www.kapradacollege.org

GACK/2023/ સપ્તધારા / વાર્ષિક. અ / 62 DATE:-25/03/2023

## સપ્તાધારાની વિવિધ ધારાઓ અંતર્ગત થયેલ પ્રવૃત્તિનો અહેવાલ

સરકારી વિનયન કોલેજ કપરાડા ખાતે વર્ષ ૨૦૨૨/23 અંતર્ગત 'સપ્તાધારા' ની સાત ધારાઓમાં વિવિધ પ્રવૃત્તિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેનો ક્રમશઃ ચિતાર નીચે મુજબ છે.

1).તા.21/06/2022 ના રોજ સપ્તધારાની 'વ્યાયામ-યોગ અને ખેલકુદ ધારા' અંતર્ગત વિશ્વયોગ દિવસ' ની ઉજવણી કોલેજ ખાતે કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન પી. ટી. આઈ. શ્રી સંદિપકુમાર ટંડેલે વિવિધ આસનો, પ્રાણાયામ, ધ્યાન વગેરે યોગાભ્યાસો કરાવ્યા. પ્રસ્તુત કાર્યક્રમમાં કોલેજના આચાર્યશ્રી ડૉ. ડી. એન. દેવરી સાહેબ સહિત શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓ ઉપરાંત વિદ્યાર્થીઓ એમ કુલ 65 ની હાજરી નોંધાઈ.

2).તા.03/09/20222 ના રોજ સપ્તધારાની 'ગીત સંગીત નૃત્યધારા' અંતર્ગત 'ભજન સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું. જેમાં F.Y.B.A ની વિદ્યાર્થીની ચૌધરી પાર્વતી પ્રથમ ક્રમાંકે અને ડોળે દર્શના દ્વિતીય ક્રમાંકે વિજેતા બન્યા.

3).તા.05/09/2022 ના રોજ સપ્તધારાની 'જ્ઞાનધારા' તથા મતદાર જાગૃતિ અને કેળવણી અભિયાન (SVEEP) અંતર્ગત 'શિક્ષક દિન'ની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને '5 મી સપ્ટેમ્બર' ના મહત્વને સમજાવવામાં આવ્યુ. સમસ્ત કાર્યક્રમમાં કુલ 170 વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

4).તા.09/09/2022 ના રોજ 'રંગકલા કૌશલ્ય ધારા અંતર્ગત' 'રંગોળી સ્પર્ધાનું' આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીઓના કુલ 6 જૂથોએ પોતાની ભાગીદારી નોંધાવી. જેમાં પ્રથમ વિજેતા રડિયા દેવિકાબેન અને એમના સાથી મિત્રો તેમજ દ્વિતીય વિજેતા કરડેલ અરુણાબેન અને એમના સાથી મિત્રો રહ્યા.

5).તા.19/09/2022 ના રોજ નેશનલ ગેમ્સને પ્રોત્સાહન મળે તેમજ ગુજરાતના યુવાનો અને વિદ્યાર્થીઓમાં જાગૃતિ કેળવાય તે હેતુથી, સપ્તધારાની ખેલકૂદ વ્યાયામ અને યોગધારા અંતર્ગત

ઈન્ડિયા' ની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી. જેમાં કુલ 111 વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.

6) તા.07/10/2022 ના રોજ 'ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ' અંતર્ગત તાલુકા કક્ષાની સ્પર્ધાના 11 રાઉન્ડ પૂર્ણ કર્યા બાદ જીલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન થયું. જેમાં કુલ 47 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

7) 24/11/2022 ના રોજ 'આઝાદીકા અમૃત મહોત્સવ-2022 અંતર્ગત જ્ઞાનધારા અંતર્ગત 'બંધારણ દિવસની ઉજવણી' કરવામાં આવી. જેમાં 'ભારત લોકતંત્ર કી જનની' વિષય પર બંધારણ સબંધિત પ્રશ્નોની ક્વિઝ આપવામાં આવી હતી. જેમાં કુલ 104 વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

8) 12/01/2023 ના રોજ સપ્તધારાની 'સેવા સમુદાય ધારા' અંતર્ગત 'સ્વામી વિવેકાનંદની 160 મી જન્મજયંતી' નિમિત્તે કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમા કપરાડા એજ્યુકેશન ગૃપ ટ્રસ્ટના પ્રમુખ શ્રી મંછુભાઈ ધુમ તેમજ નાયબ સેક્શન અધિકારી શ્રી મહેશભાઈ ગાંવઠા તેમજ અન્ય સભ્યોએ મળી વિદ્યાર્થીઓને કારકિર્દી અંગે માર્ગદર્શન આપ્યું. જેમા કુલ 128 વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

9) તા.20/01/2023 ના રોજ 'ગીતસંગીત નૃત્યધારા અંતર્ગત' 26 મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસની તાલુકા કક્ષાની ઉજવણીમાં ભાગ લેવાના હેતુસર મીક્ષ કલ્ચર નૃત્ય' પ્રસ્તુત કરવા માટે પ્રસ્તુત નૃત્યની તાલીમ આપવા કોરીઓગ્રાફર શ્રી શૈલીબેન સંચેતિને આમંત્રિત કરવામાં આવ્યા. જેમણે વિદ્યાર્થીઓને ઉત્સાહવર્ધક વાતો કહી પ્રસ્તુત નૃત્યની પ્રેક્ટિસ કરાવી. પ્રસ્તુત નૃત્ય તા.24/01/2023 ના રોજ નાનાપોંઢા ખાતે રિહર્સલના ભાગ સ્વરૂપે વેશભૂષા સહિત પ્રસ્તુત કરવામાં આવ્યું.

10) 26/01/2023 ના રોજ 'યોગ વ્યાયામ અને ખેલકૂદ ધારા' અંતર્ગત 'પ્રજાસત્તાક દિવસ'ની ઉજવણી કરવામાં આવી. જેમાં કોલેજના આચાર્યશ્રી ડૉ. ડી. એન. દેવરી સાહેબના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. તેમણે પોતાના વક્તવ્યમાં શહિદોને અને દેશના માટે આપેલા તેમના બલિદાનોને યાદ કર્યા. ધ્વજવંદન કાર્યક્રમમાં કુલ 63 વિદ્યાર્થીઓ હાજર રહયા હતા.

11) તા.01/02/2023 ના રોજ 'રંગ કૌશલ્ય ધારા' અન્વયે 'રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કુલ પાંચ જૂથો એ પોતાની ભાગીદારી નોંધાવી. પ્રથમ વિજેતા ભોયા પ્રિયંકા અને તેના સાથીમિત્રો તેમજ દ્વિતીય વિજેતા ગાંવિત વૈભવી અને તેના સાથીમિત્રો રહ્યા. સંપૂર્ણ સ્પર્ધામાં 18 વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

12) તા.04/02/2023 થી 10/02/2023 સુધી સરકારી વિનયન કોલેજ, કપરાડા ખાતે 'સાંસ્કૃતિક સમિતિ' અંતર્ગત 'વિવિધ ડે' ની ઉજવણી કરવામાં આવી. જેમાં 'બ્લેક એન્ડ વાઈટ ડે', 'ગૃપ ડે', 'સાડી ડે', 'કુર્તા ડે', 'ટ્રેડીશનલ ડે', 'જીન્સ ડે', વગેરે વિવિધ ડે વિદ્યાર્થીઓ દ્વારા ઉજવાયા.

13)તા.07/02/2023 ના રોજ 'નાટ્યધારા' અંતર્ગત 'નાટ્ય સ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું. જેમાં કુલ ત્રણ નાટકો ભજવાયા. તેમાંથી 'માસીને દે ફાસી' નાટક પ્રથમ ક્રમાંકે તેમજ 'ખેડુત સમસ્યા' નાટક દ્વિતીય ક્રમાંકે ઝળક્યું. તમામ નાટકો મળી કુલ 14 વિદ્યાર્થીઓએ ભાગ લીધો. 113 જેટલા વિદ્યાર્થીઓ નાટકના પ્રેક્ષકો બન્યા.

14)તા.09/02/2023 ના રોજ 'સામુદાયિક સેવા ધારા' અંતર્ગત કોલેજ કેમ્પસ અને કેમ્પસ બહાર સફાઈ કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં કોલેજના મોટા ભાગના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ કોલેજ પરિસર તેમજ આજુબાજુના પરિસરને સ્વચ્છ કરવાનો ખંતથી પ્રયાસ કર્યો.

15)તા.16/02/2023 ના રોજ 'સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા' અંતર્ગત 'વેસ્ટમાંથી બેસ્ટ' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. આ સ્પર્ધામાં વાઘાત શ્વેતાબેન પ્રથમ અને દિવા ફૂલીબેન દ્વિતીય વિજેતા બન્યા.

16)તા.08/02/2023 થી તા.11/02/2023 દરમિયાન કોલેજ ખાતેથી શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને ઐતિહાસિક સ્થળો જેવા કે અજંતા – ઈલોરા, દોલતાબાદ, ધુમેશ્વરની મુલાકાત કરાવાયી. આ પ્રવાસમાં કુલ 51 વિદ્યાર્થીઓ અને 05 સંસ્થાના કર્મચારીઓ જોડાયા હતા. આ સમગ્ર પ્રવાસનું સંપૂર્ણ સંચાલન પ્રવાસ સમિતિના કોર્ડિનેટર શ્રી દિપકકુમાર વી. પટેલ, કો-કોર્ડિનેટર ડૉ. મેઘના ધારણે તથા પી. ટી. આઈ શ્રી સંદીપ ટંડેલ તેમજ શ્રી રમેશભાઈ જાદવ દ્વારા કરવામાં આવ્યું. જે વિદ્યાર્થીઓ પ્રવાસમાં રૂબરૂ હાજરી આપી શક્યા ન હતા. તેમને પ્રવાસનો વાસ્તવિક અનુભવ મળી રહે એ હેતુસર કોલેજના આચાર્યશ્રી ડૉ. ડી. એન. દેવરી સાહેબના માર્ગદર્શન હેઠળ જ્ઞાનધારા કોર્ડિનેટર શ્રી દિપકકુમાર વી. પટેલે તા.22/02/2023 ના રોજ પ્રવાસ સ્થળોનું PPT માધ્યમથી પ્રસારણ રજૂ કર્યું. જેના થકી પ્રવાસમા ન સામેલ થયેલા વિદ્યાર્થીઓ પ્રવાસ સ્થળોનો આનંદ માણી શક્યા. ઉપરોક્ત કાર્યક્રમ દરમિયાન કુલ 118 વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા.

17)તા.01,02,03/03/2023 દરમિયાન 'સ્પોર્ટસ ડે' ની ઉજવણી 'સપ્તધારાની યોગ વ્યાયામ અને ખેલકૂદ ધારા' અંતર્ગત કરવામાં આવી. જેમા મનોરંજનાત્મક રમતો ઉપરાંત લીંબુ ચમચી, સ્પ્રીન એન્ડ રન, રીલે દોડ, બોલ રીલે, મટકા ફોડ, સંગીત ખુરશી, લકી સર્કલ જેવી વિવિધ રમતોનું આયોજન પી. ટી. આઈ સંદિપભાઈ ટંડેલ દ્વારા કરવામાં આવ્યું.

Govt. Arts College-Kaprada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.